Glorious Years

*Model for Rural Development*

# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું વૃત્તપત્ર

વર્ષઃ ૨૬ અંકઃ ૧ મે-જુલાઈ, ૨૦૧૫ વૈશાખ-અષાઢ ૨૦૭૧ સળંગ અંકઃ ૨૪૯

| વિશ્વવિદ્યાલય વિશેષ | ‘અધ્યાસન’ વૃત્ત | ‘મહાવિદ્યાલય’વૃત્ત | ‘વિભાગ’વૃત્ત | ‘અધ્યાપક’વૃત્ત | વિદ્યાર્થી વિભાગ | ‘લોક’વૃત્ત |
|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૮ | ૯ | ૯ | ૧૦ | ૧૩ |

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૧ જૂન

યુનેસ્કો (સંયુક્ત રાષ્ટ્રસંઘની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા) એ વર્ષ ૨૦૧૫થી ૨૧ જૂનને દર વર્ષે ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. આ નિર્ણયના મૂળમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ના સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ સમક્ષ આપેલા વક્તવ્યમાં કરેલું એક સૂચન રહેલું છે. યોગ મૂળતઃ આધ્યાત્મિક છે. એના બીજા ઘણા આયામો છે. અત્યારે જો કે યોગને શારીરિક યોગાસનો અને કસરત તરીકે, પ્રાણાયામ (શ્વાસોચ્છ્વાસનું નિયમન) તરીકે સામાન્ય રીતે ઓળખવામાં આવે છે.

ભારતના આ સૂચનનો વિશ્વસંસ્થાએ અમલ કર્યો છે અને સમગ્ર વિશ્વે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પોતપોતાની રીતે ઉજવણી કરી. સરદાર પટેલ યુનિવર્સિટીએ યુનિવર્સિટી સ્ટાફ કોલોનીના સંસ્કાર મંડળના પટાંગણમાં યોગાસનનો કાર્યક્રમ યોજ્યો હતો. એમાં યુનિવર્સિટી પરિવારના શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.



અનુસંધાન પૃ. ૬ ઉપર

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | વિશ્વવિદ્યાલય વિશેષ | ૪ |
| ૩. | ‘અધ્યાસન’વૃત્ત | ૭ |
| ૪. | ‘મહાવિદ્યાલય’વૃત્ત | ૮ |
| ૫. | ‘વિભાગ’વૃત્ત | ૯ |
| ૬. | ‘અધ્યાપક’વૃત્ત | ૯ |
| ૭. | વિદ્યાર્થી વિભાગ | ૧૦ |
| ૮. | ‘લોક’વૃત્ત | ૧૩ |


## સંપાદક મંડળ


**પરમ પાઠક**

**દિનેશ કારીઆ**

**ઉજ્જ્વલ ત્રિવેદી**

**હેમન્ત દવે**

**મનીષ સોલંકી**

**ધર્મેન્દ્ર મિસ્ત્રી**

**અર્પિત પાટડિયા**

**જહોન પી. પરમાર**

**નિલેશ શાહ**

**પૃષ્ઠવિન્યાસઃ સુરેશ પટેલ**


## સંપાદકીય નીતિ

‘શીલ શ્રુતમ્’ સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું વૃત્તપત્ર (ન્યૂઝ લેટર) છે.

યુનિવર્સિટી સાથે સંકળાયેલી શૈક્ષણિક સંસ્થાઓ, એમાં કાર્યરત શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓના સમાચાર શીલ શ્રુતમ્માં આવકાર્ય છે.

શીલ શ્રુતમ્ એપ્રિલથી જૂન મહિનાને બાદ કરતાં પ્રતિ માસ ૧૫મી તારીખે પ્રગટ થાય છે. શીલ શ્રુતમ્માં પ્રકાશન અર્થે મોકલવાની સામગ્રી પરમ પાઠક, IQAC, સરદાર પટેલ યુનિવર્સિટીને અંકપ્રસિદ્ધિના પંદર દિવસ પૂર્વે મોકલવી. એ પછી આવેલી સામગ્રીનો વિચાર આગામી અંકમાં થશે.

સામગ્રી બને ત્યાં સુધી ટાઇપ કરીને મોકલવી; હસ્તલિખિત સામગ્રીમાં હસ્તાક્ષર સુવાચ્ય હોવા અનિવાર્ય છે. મહત્ત્વપૂર્ણ ઘટના/પ્રસંગના ફોટોગ્રાફની હાર્ડ કોપી મોકલવી, સોફ્ટકોપી નહીં.

શીલ શ્રુતમ્ માટે સમાચાર જે તે સંસ્થાના લેટર પેડ પર, જવાબદાર વ્યક્તિના સહીસિક્કા સાથે સંસ્થાના વડા દ્વારા મોકલવાના રહેશે.

શીલ શ્રુતમ્માં પ્રગટ થતાં સમાચાર કે અન્ય સામગ્રીની પસંદગી બાબતે સંપાદક મંડળનો નિર્ણય આખરી ગણાશે.


શીલ શ્રુતમ્માં પ્રગટ થતાં સર્વ લખાણો, ચિત્રો, ફોટો કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રકાશિત થયા બાદ યુનિવર્સિટી આ સામગ્રીને કોઇપણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરી શકે છે.


શીલ શ્રુતમ્માં પ્રગટ થતાં લખાણોમાં વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

# કુલપતિની કલમે...



સમગ્ર ગુજરાતમાં પ્રવેશોત્સવની ઉજવણી બાદ વિદ્યાર્થીઓ હવે વર્ગખંડોમાં નવાં સોપાન સર કરવા સજ્જ થઈને આવ્યા છે અને આપણા વિશ્વવિદ્યાલયમાં પણ તમામ વિભાગો અને મહાવિદ્યાલયોમાં ૧૫ જૂનથી શિક્ષણકાર્ય શરૂ થયું છે. ''શીલ શ્રુતમ્''ના માધ્યમથી સૌ વિદ્યાર્થીઓનું સ્વાગત કરતાં હું અનેરો આનંદ અનુભવું છું. આપણાં અનુસ્નાતક વિજ્ઞાન ભવનોનાં પ્રવેશકાર્ય દરમ્યાન ઘણા વિદ્યાર્થીઓએ અન્ય વિશ્વવિદ્યાલયોની પ્રવેશ પરીક્ષા છોડીને આપણે ત્યાં પ્રવેશ લેવા માટે પ્રાધાન્ય આપ્યું ત્યારે મનમાં થયું કે આપણા વિશ્વવિદ્યાલયની ખ્યાતિ ખૂબ ફેલાઈ છે. આ ખ્યાતિ જાળવી રાખવાના યજ્ઞમાં જોડાવાનું નવા આવેલા વિદ્યાર્થીઓનું કર્તવ્ય છે અને તે માટે જૂના વિદ્યાર્થીઓએ તેમને આપણી પરંપરાઓ અને અદ્યતન પ્રક્રિયાઓથી અવગત કરાવવાના છે.

આપણા વિશ્વવિદ્યાલયમાં આ વર્ષ ખૂબ મહત્ત્વનું છે. એક તરફ આપણે ૬૦મા વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ તો બીજી તરફ નૅકમાં રીએક્રિડિટેશનની પ્રક્રિયા માટેની તૈયારીઓ પ્રબળ વેગથી ચાલી રહી છે. વિભાગીય વડાશ્રીઓ આ અંગે પૂરો સહકાર આપશે તેની મને ખાત્રી છે. નૅકમાં રીએક્રિડિટેશનની પ્રક્રિયામાં વિદ્યાર્થીનું યોગદાન ખૂબ અગત્યનું છે. દરેક વિદ્યાર્થી વિચારે કે આ દિશામાં હું શું યોગદાન આપી શકું. આ તક લઈને હું દરેક વિભાગના અધ્યક્ષને પણ વિદ્યાર્થીઓને આ યજ્ઞકાર્યમાં જોતરે તેવી અપીલ કરું છું.

હવેથી ભારતે સ્વચ્છતા જાળવવાનું નક્કી કર્યું છે, દરેક વિભાગ આ અંગે વિદ્યાર્થીમાં જાગૃતિ લાવે અને દરેક મહિનામાં ઓછામાં ઓછા બે વાર દરેક વિભાગની આસપાસની જગ્યાએ સફાઈનું કાર્ય કરે તો વિશ્વવિદ્યાલય દીપી ઉઠે. દરેક વિભાગોની દીવાલોની સ્વચ્છતા જાળવવાનું ચુકાય નહીં !

આ વર્ષથી આપણે મુખ્ય વહીવટી કાર્યાલયમાં પ્રવેશદ્વાર પાસે વિદ્યાર્થીઓનાં એક જ બારી પરથી ઘણા બધાં કામ થઈ શકે તેવું આયોજન કરી રહ્યા છીએ. ટૂંક સમયમાં આ સુવિધા ઉપલબ્ધ થશે. વહીવટી કર્મચારીઓની કાર્યદક્ષતા જોતાં આ નવતર પ્રયોગની સફળતા માટે મને પૂરો વિશ્વાસ છે.

નવા આવેલા વિદ્યાર્થીઓએ વિદ્યાનગર અંગે ઘણું સાંભળ્યું હશે, હવે વિદ્યાનગરને માણવાની તમને તક મળી છે. સવારના પહોરમાં શાસ્ત્રી મેદાનની ફરતે આવેલા માર્ગ પર પક્ષીઓનો કલરવ સાંભળવો તે ધ્યાનયોગથી જરા પણ ઓછું નથી. વિદ્યાનગરમાં કુદરત ખૂબ ખીલી છે. અહીંથી નજીક લાંભવેલ પાસે શિયાળાની સવારે આવતા પ્રવાસી પક્ષીઓને જોવાનું પણ ચૂકતા નહીં. સાથે સાથે વિશ્વવિદ્યાલયનું લોકવિજ્ઞાન કેન્દ્ર, ભાઈકાકા ગ્રંથાલય, યુનિવર્સિટી સંગ્રહાલય, સરદાર સ્મારક અને અમૂલ ડેરીની મુલાકાત લીધા વગર વિદ્યાનગર છોડશો નહીં.

અંતમાં આપણા વિશ્વવિદ્યાલયના આ વૃત્તપત્રનો વ્યાપ વધે તે માટે તેના સંપાદકો ખૂબ ઉત્સાહથી કાર્યરત છે, આ પ્રસંગે સૌ વિભાગાધ્યક્ષને પોતાના સાથી મિત્રો અને વિદ્યાર્થીઓ ''શીલ શ્રુતમ્''નું લવાજમ ભરે તે અંગે પગલાં લેવા વિનંતી કરું છું.

# સંપાદકીય



"ચાણક્યનીતિ વિદ્યાવ્યાસંગીઓ માટે પણ"

મિત્રો, નૂતનસત્રાભિનંદન !

શીલ શ્રુતમ્‌ના આ નૂતનસત્રના અંકમાં સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના તમામ હિતધારકોને નમસ્કાર...

ચાણક્ય ન્યાયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના વિદ્વાન તરીકે જાણીતા હતા, સાથે સાથે તેમણે નીતિશાસ્ત્રની પણ રચના કરી હતી. ચાણક્યનીતિ સમાજ, રાજ્ય, અર્થ, ધર્મ, ન્યાય એમ જીવનના વિવિધ પાસાંઓને સ્પર્શે છે. તેમાં એમણે જીવનોપયોગી, દેશોપયોગી, સમાજોપયોગી અને રાષ્ટ્રોપયોગી અનેક સિદ્ધાંતોનું વર્ણન કર્યું છે. અને તેથી જ આ ગ્રંથ દરેક વ્યક્તિને સમજ કેળવવા માટે માર્ગ ચીંધે છે. ઐતિહાસિક ગ્રંથો ચાણક્યનો જીવનકાળ ઈ.સ. પૂર્વે ૩૫૦ થી ઈ.સ. પૂર્વે ૨૮૩નો ગણાવે છે, અને તત્કાલીન સમય દરમ્યાન ચાણક્યરચિત નીતિ સાંપ્રત સમયમાં પણ એટલી જ પ્રસ્તુત છે, તેમજ દરેક કાળ અને દરેક સમાજ માટે ઉપયોગી છે. ચાણક્યનીતિમાં વિદ્યાર્થીઓને વિદ્યાપ્રાપ્તિ અંગે સલાહમસલત, વાલીઓને વિદ્યામાહાત્મ્ય અંગેની દોરવણી, ગુરુજ્ઞાન, ગુરુમહિમા તેમજ વિદ્યાનો મહિમા માર્મિક અને તલસ્પર્શી રીતે કર્યો છે.

બાળકોને ભણાવે તે જ સાચાં મા-બાપ

પુત્ર-પુત્રીમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર વિદ્યાપ્રાપ્તિ અને તેમાં પણ ઉચ્ચશિક્ષણ અર્થે પ્રેરવાનું કાર્ય મા-બાપના શિરે છે. સ્પર્ધાત્મક દુનિયામાં યોગ્ય કારકિર્દી ઘડતર દ્વારા જીવનનિર્વાહ તેમજ સમાજ કે રાષ્ટ્ર ઉપયોગી બનવા અર્થે વિદ્યા બાળકોને સુસજ્જ કરી શકે છે. આમ ન થાય તો, મનુષ્ય ભલે સુંદર કે ઉચ્ચ કુળમાં જન્મેલ હોય પણ યોગ્ય શિક્ષણનાં અભાવે સારા-નરસાની સાચી સમજ પ્રાપ્ત કરી શકતો નથી તેમજ સમાજમા ઊંચા સ્થાનના અભાવે યોગ્ય આદર પણ અપ્રાપ્ય થઈ જાય છે.

પોતાના બાળકને અભ્યાસ ન કરાવતાં માતા-પિતા શત્રુ સમાન છે.
હંસોની સભામાં બગલો ન શોભે એમ સાક્ષરો વચ્ચે અભણ માણસ શોભતો નથી.
જેમ એક ચંદ્રમાની ચાંદનીથી કાળી રાત ખીલી ઊઠે છે,
તેમ એક જ વિદ્વાન અને સારા સ્વભાવવાળા પુત્રથી કુળ આહ્‌લાદિત થઈ ઊઠે છે.

વિદ્યામાહાત્મ

'ચાણક્યનીતિ'માં વિદ્યાને ખૂબ મહત્ત્વ આપવામાં આવેલ છે. જેમ ઝેરમાં વીંટાળેલું અમૃત અને અશુદ્ધ થયેલું સોનુ ગ્રહણ કરી શકાય છે, તેમ ઉત્તમ વિદ્યા ગમે તે ધર્મ, વર્ણ, જાતિ કે ઉંમરનાં વ્યક્તિ પાસે હોય તો પણ તે ગ્રાહ્ય છે. કારણ કે વિદ્વાન દેવતાઓ દ્વારા પણ પૂજનીય છે પછી ભલે ગમે તે કુળમાં દેહધારણ કર્યો હોય તેમજ વિદ્યા કામધેનુ સમાન પણ છે અને તેના થકી માણસની હરહંમેશ કામનાપૂર્તિ શક્ય બને છે. વિદ્યા ક્યારેય પોતાના ઉપાસકોને ત્યાગતી નથી, તે વિપરીત સમયમાં ઉપાસકને ઉગારી તેમજ માર્ગદર્શક બનીને સુખ-સમૃદ્ધિ પુનઃપ્રસ્થાપિત કરવામાં મદદરૂપ નીવડે છે. વિદ્યા થકી વ્યક્તિ ત્રિલોકમાં વંદનીય અને આદરણીય બને છે, વિદ્યા વ્યક્તિને દીન પરંતુ હીન થવા દેતી નથી વિદ્યાનો ધની સ્વતઃ શોભાયમાન અને દૈદીપ્યમાન બને છે અને તેથી જ વિદ્યા જ સાચું રત્ન છે.

વિદ્યા કામધેનુ તુલ્ય છે. તે ખરાબ સમયમાં પણ ફળદાયી છે.
પ્રવાસમાં માતા બની રક્ષે છે અને ગુપ્તધન પણ છે.

વિદ્યાવ્યાસંગી અર્થે

'ચાણક્યનીતિ'માં વિદ્યાવ્યાસંગીઓને વિદ્યાપ્રાપ્તિ અર્થે ગુણવાન બનવાનું સૂચિત કરેલ છે. વિદ્યાર્થીઓએ કેવા અને કોની પાસેથી ગુણો કેળવવા જોઈએ તે અંગેનું સચોટ વર્ણન 'ચાણક્યનીતિ'માં આલેખવામાં આવ્યું છે. વિદ્યાર્થીએ જ્યાંથી મળે ત્યાંથી, જેની પાસેથી મળે તેની પાસેથી કોઈપણ પ્રકારના ખચકાટ વગર સારા ગુણો ગ્રહણ કરવા જોઈએ. પશુ, પંખી, પ્રાણીઓ પાસેથી પણ સારા ગુણોનું ગ્રહણ કરી શકાય છે. સિંહ (શરૂઆતથી અંત સુધી સંપૂર્ણ શક્તિ લગાવવાનો ગુણ) અને બગલા (તમામ ઈન્દ્રિયોને કેન્દ્રિત કરી સંપૂર્ણ ધ્યાન કાર્ય સફળતા માટે લગાવવાનો ગુણ)માંથી એક કૂકડામાંથી (સમયસર જાગવું, યુદ્ધ (પરીક્ષા) માટે સદૈવ તત્પર રહેવું, પોતાના બંધુઓને ભગાડી મૂકવા અને તેમનો હિસ્સો પોતે ખાઈ જવો (તંદુરસ્ત સ્પર્ધાના અર્થમાં) માંથી ચાર કાગડા (ગુપ્તતા જાળવવી, સમયે સમયે જરૂરિયાત મુજબની વસ્તુઓ સંઘરવી, સતત સાવધ રહેવું, કોઈ ઉપર સંપૂર્ણ વિશ્વાસ ન કરવો અને મુશ્કેલીમાં પોતાના મિત્રોનો સાથ લેવાનો ગુણ)માંથી પાંચ કૂતરા (ભોજન મળે ત્યારે પેટ ભરીને જમી લેવું, ભોજન ન મળે ત્યારે થોડા ભોજનથી સંતુષ્ટ રહેવું, પૂરતી ઊંઘ લેવી, સાથેસાથ જાગરૂક રહેવું, વફાદાર રહેવું અને નીડર રહેવું) માંથી છ અને ગધેડા (માલિક (શિક્ષક)ના હુકમની અવગણના નહીં કરવાની, ટાઢ–તડકો, ઠંડી–ગરમીની કોઈ ચિંતા નહીં કરવાનો (સતત અથાક અને અથાગ પરિશ્રમ કરવાનો) અને સદાય સંતોષી જીવન જીવવાનો ગુણ)માંથી ત્રણ ગુણ ગ્રહણ કરવા જોઈએ. આમ જે વિદ્યાર્થી આ વીસ ગુણો શીખી તેનું આચરણ કરે છે, તે તમામ કાર્યો (વિદ્યાપ્રાપ્તિ સહિત) અને તમામ પરિસ્થિતિઓનો સામનો કરી વિજયી થાય છે. અર્થાત્ જો મોજશોખ માણવા હોય તો અભ્યાસ છોડી દો અને વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો એશઆરામનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે મોજશોખની ઈચ્છા હોય તેને ક્યારેય વિદ્યા પ્રાપ્ત થતી નથી અને વિદ્યાવ્યાસંગીઓને ક્યારેય આરામ મળતો નથી. ટૂંકમાં, વિદ્યાર્થીઓએ કામ, ક્રોધ, લોભ, સ્વાદ, શૃંગાર, કૌતુક, વધુ પડતી ઊંઘ, વધુ પડતી સેવા આ આઠ બાબતોનો ત્યાગ કરવો જોઈએ.

ગુરુમહિમા

ચાણક્યને તક્ષશિલા વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્ર (રાજ્યનીતિશાસ્ત્ર) વિષય ભણાવવાની તક મળી હતી અને પછી ચાણક્ય કૌટલ્ય નામે જાણીતા થયા અને જગપ્રસિદ્ધ અર્થશાસ્ત્રની રચના કરી. આમ પોતે ગુરુ હોવાથી 'ચાણક્યનીતિ'માં ગુરુમહિમા વિશે આલેખન કરેલ છે. ગુરુ હરહંમેશાં વંદનીય છે કારણ કે ગુરુ એક અક્ષર એટલે કે ૐકાર સ્વરૂપ પરમેશ્વરની ઓળખ શિષ્યને કરાવે છે. શિષ્ય આવા ગુરુના ઋણમાંથી ક્યારેય મુક્ત નથી થતો, સદાય ગુરુનો ઋણી જ રહે છે. ગુરુજ્ઞાન એટલા માટે પણ અતિ મહત્ત્વનું છે કારણ કે પુસ્તકમાં રહેલું જ્ઞાન મર્યાદિત હોય છે, પણ ગુરુ અમર્યાદિત જ્ઞાન ધરાવે છે. એટલે જ માત્ર પુસ્તકિયું જ્ઞાન મેળવનાર કરતાં ગુરુ પાસેથી જ્ઞાન મેળવનાર કંઈક વિશેષ હોય છે. પુસ્તકમાં રહેલું જ્ઞાન જરૂરિયાતના સમયે કામમાં નથી આવતું.

આમ, જો 'ચાણક્યનીતિ'માં સૂચવેલા સિદ્ધાંતોનાં યોગ્ય અનુસરણ અને આચરણ દ્વારા વિદ્યાવ્યાસંગી વિદ્યાપ્રાપ્તિ કરી ઈચ્છિત કારકિર્દી ઘડી શકે છે. આ સિદ્ધાંતોની સાચી સમજ વિદ્યાવ્યાસંગીઓને આપી ગુરુજનો વિદ્યાવિસ્તરણ, સંશોધન અને વર્ગ બહારના શિક્ષણ માટે સંગઠિત પ્રયાસ દ્વારા સરદાર પટેલ વિશ્વવિદ્યાલયને નવાં સોપાનો સર કરાવી શકે છે.

– ધર્મેન્દ્ર મિસ્ત્રી

# વિશ્વવિદ્યાલય વિશેષ

- સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીમાં દીર્ઘકાલિન સેવાઓ આપી વયોચિત નિવૃત્તિ/સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર કર્મચારીઓને સન્માનવાની પરંપરા છે. વર્ષ ૨૦૧૫ દરમ્યાન (૧) એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્યશ્રી ડૉ. એન. આર. પટેલ (૨) એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના એસો. પ્રોફેસર ડૉ. (શ્રીમતી) મંજુલાબેન આર. પટેલ (૩) અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર (સી.એ.એસ.) ડૉ. (શ્રીમતી) પલ્લવી પી. પટેલ (૪) અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગના એસો. પ્રોફેસર શ્રી પી. એમ. પરમાર (૫) અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રોફેસર (સી.એ.એસ.) શ્રી પી. કે. ગર્ગ (૬) યુસિક વિભાગના ટેકનિકલ ઓફિસર-૧ શ્રી એમ. ડી. છત્રાલિયા (૭) પરીક્ષા વિભાગના હેડ ક્લાર્ક શ્રી ભરતભાઈ ડી. પારેખ (૮) શારીરિક શિક્ષણ વિભાગના કોચ શ્રી નલિનકુમાર આર. આલ (૯) સ્થાવર વિભાગના હેડ ક્લાર્ક શ્રી અશોકભાઈ એસ. પંચાલ (૧૦) સ્થાવર વિભાગના ડ્રાઈવર શ્રી રમેશભાઈ એ. પટેલ (૧૧) યુનિવર્સિટી મુદ્રણાલયના જુ. કમ્પોઝિટર શ્રી એ. બી. મલેક (૧૨) યુનિવર્સિટી મુદ્રણાલયના મદદનીશ શ્રી જી. બી. રાજપુત (૧૩) પરીક્ષા વિભાગના નાયક શ્રી વસંત એમ. બારૈયા (૧૪) અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગના શ્રી એમ. બી. રાવલ (૧૫) સ્થાવર વિભાગના પ્લમર શ્રી શાભાભાઈ એમ. બારૈયા અને (૧૬) હિસાબ વિભાગના શ્રી ચરણભાઈ પી. દેસાઈ, કેશિયર. આ તમામ કર્મચારીઓનો સન્માન કાર્યક્રમ તારીખ ૧૨-૬-૨૦૧૫ના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢના અધ્યક્ષ પદે અને યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો અને યુનિવર્સિટી પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

- **Prof. N. V. Sastry**, Co-ordinator of IQAC, has been nominated as a permanent invitee on the editorial board of *Sheel Shrutam*.

- **NAAC** Re-accreditation of Sardar Patel University will be due in 2016. In this regard, with a view to prepare the RAR, conveners of NAAC seven criteria were appointed. A visit of the conveners of NAAC seven criteria to the university departments was scheduled on 12th May, 2015 and May 14-16, 2015. Prior to the visit to the departments, the meeting of University IQAC, member of DIQAC and conveners of NAAC seven criteria was held at the University office to dscuss the purpose of appointment of conveners of NAAC seven criteria and the terms of reference of their appointment. During the visit to the departments, fruitful interaction among conveners and DIQAC members as well as staff members of the departments about maintenance of files, records and documents of the activities performed by the departments took place. the conveners received positive response, support and suggestions from the DIQAC members for overall quality improvement of the University. The conveners will visit the University departments in the month of July, 2015 to guide the DIQAC members for preparation of the RAR.

- તા. ૧૮-૬-૨૦૧૫ થી ૪-૭-૨૦૧૫ દરમ્યાન બિનશૈક્ષણિક કર્મચારીઓને કોમ્પ્યુટર તાલીમ માટેના 'Short Term Training Programme' (STTP)નું આયોજન અનુસ્નાતક કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં કરવામાં આવ્યું હતું. એમાં ૨૫ જેટલા કર્મચારીએ ભાગ લીધો હતો.

# સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો યુ.જી.સી. તરફથી અનુદાન મેળવવામાં અગ્રેસર

તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી દ્વારા ''વિશિષ્ટ સંશોધન કાર્યક્રમ (Special Assistance Programme-SAP)'' માટે દેશભરની યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી હતી. તેના સંદર્ભમાં યુ.જી.સી.એ સરદાર પટેલ યુનિવર્સિટીના (૧) અનુસ્નાતક વસ્તુ વિજ્ઞાન (૨) અનુસ્નાતક ગૃહવિજ્ઞાન અને (૩) અનુસ્નાતક ગુજરાતી વિભાગને ૨૦૧૫ થી ૨૦૨૦ના સમયગાળા માટે અનુદાન મંજૂર કર્યું છે. ત્રણેય વિભાગની મળીને કુલ રકમ રૂ.૨૦૮.૫૦ લાખ થાય છે, જે સરદાર પટેલ યુનિવર્સિટી માટે ગૌરવ રૂપ છે.

આ અગાઉ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી દ્વારા ઉપરોક્ત કાર્યક્રમ માટે નીચેના અનુસ્નાતક વિભાગોને પણ દર્શાવ્યા મુજબ સમયગાળા માટે કુલ રૂ. ૮૩૭ લાખનું અનુદાન ફાળવેલ છે.

| અ.નં. | અનુસ્નાતક વિભાગનું નામ | સમયગાળો | મંજૂર કરેલ અનુદાન રૂ. (લાખમાં) |
|---|---|---|---|
| ૧. | રસાયણશાસ્ત્ર વિભાગ | ૨૦૧૧ થી ૨૦૧૬ | ૧૨૩.૦૦ |
| ૨. | એમ.બી.એ. વિભાગ | ૨૦૧૧ થી ૨૦૧૬ | ૩૩.૦૦ |
| ૩. | અર્થશાસ્ત્ર વિભાગ | ૨૦૧૧ થી ૨૦૧૬ | ૫૦.૫૦ |
| ૪. | ભૌતિકશાસ્ત્ર વિભાગ | ૨૦૧૨ થી ૨૦૧૭ | ૯૭.૫૦ |
| ૫. | હિન્દી વિભાગ | ૨૦૧૩ થી ૨૦૧૮ | ૪૭.૫૦ |
| ૬. | વાણિજ્ય વિભાગ (કોમર્સ) | ૨૦૧૩ થી ૨૦૧૮ | ૪૦.૦૦ |
| ૭. | જીવવિજ્ઞાન | ૨૦૧૫ થી ૨૦૨૦ | ૨૪૭.૫૦ |
| ૮. | ગણિતશાસ્ત્ર | ૨૦૧૫ થી ૨૦૨૦ | ૧૧૯.૦૦ |
| ૯. | આંકડાશાસ્ત્ર | ૨૦૧૫ થી ૨૦૨૦ | ૮૨.૦૦ |
| | | કુલ રૂ. | ૮૩૭.૦૦ |

## વસ્તુવિજ્ઞાન વિભાગ

હાલનાં વર્ષોમાં વિજ્ઞાનમાં નેનોટેક્નોલોજીનું આગવું મહત્ત્વ છે. નેનો સંયોજનો આગશામક, કાટરોધક અને બીજા અનેક ગુણધર્મો ધરાવતા હોવાને કારણે તેનો ઉપયોગ બાંધકામોમાં, વાહનોમાં, વીજળી ઉપકરણોમાં અને સંરક્ષણમાં વપરાતાં સાધનોમાં કરી શકાય છે.

UGC-MHRD, ભારત સરકાર દ્વારા વિભાગને આ વિષય ઉપર સંશોધન કરવા માટે CAS PHASE-III હેઠળ રૂ. ૧૦૩ લાખ + ૧ પ્રોજેક્ટ ફેલો માટે અનુદાન પ્રાપ્ત થયું છે, જેનો મુખ્ય ઝોક નીચેનાં ક્ષેત્રોમાં છે.

- Polymeric and ceramic based materials for compasite, film and coating applications

## ગૃહવિજ્ઞાન વિભાગ

આજના સમયમાં આપણા દૈનિક આહારમાં ઘણો ફેરફાર થયો છે અને કસરતનું અને શારીરિક શ્રમનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે. એના કારણે મધુપ્રમેહ, હૃદયરોગ, મેદસ્વીપણું જેવા રોગ અન્ય દેશ કરતાં ભારતમાં વધારે પ્રમાણમાં છે. આ સાથે લોહતત્ત્વ, વીટામીન બી-૧૨ની ઉણપને કારણે થતા પાંડુરોગ પણ ખૂબ જ પ્રમાણમાં છે. આ રોગ ખાસ કરીને બાળકો, ગર્ભવતી માતાઓ અને ધાત્રી માતાઓમાં જોવા મળે છે. માનવીની તંદુરસ્તી, સામાજિક અને આર્થિક વિકાસ ઉપર આની ખરાબ અસર પડે છે. એના નિવારણ માટે પ્રતિવર્ષ ખૂબ જ ખર્ચ થાય છે.

ઉપર્યુક્ત બાબતોને ધ્યાનમાં રાખી અનુસ્નાતક ગૃહવિજ્ઞાન વિભાગે વિદ્યાનગર અને આણંદના વિસ્તારમાં રહેતા લોકોમાં આ રોગોનું કેટલું પ્રમાણ છે તે વિશે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સંશોધન કર્યું છે. આ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી દ્વારા અગાઉ સેપ યોજના અંતર્ગત વિભાગને રૂ. ૭૫ લાખનું અનુદાન મળ્યું હતું. યુજીસીએ બીજાં પાંચ વર્ષ (૨૦૧૫ થી ૨૦૨૦)

માટે આ વિષય ઉપર સંશોધન કરવા વધુ રૂ. ૮૨ લાખ + ૧ રિસર્ચ ફેલોનું અનુદાન મંજૂર કર્યું છે. આ સંશોધનથી નીપજેલા જ્ઞાનનો ઉપયોગ કરી ચરોતરની પ્રજામાં આ રોગો વિશે અને એના અટકાવ વિશેની જાણકારી આપવામાં આવશે.

## ગુજરાતી વિભાગ

અનુસ્નાતક ગુજરાતી વિભગાને યુ.જી.સી. નવી દિલ્હી દ્વારા સેપ (ડીઆરએસ-૧) પ્રોગ્રામ અંતર્ગત સંશોધન માટે રૂ. ૨૫ લાખ + ૧ રિસર્ચ ફેલોનું અનુદાન નીચેના કામ માટે મળ્યું છે.

(૧) ગુજરાતી સાહિત્યના સંશોધનનો ઇતિહાસ તૈયાર કરવો (૨) સંશોધનનાં પુસ્તકોનો દફ્તર ભંડાર તૈયાર કરવો (૩) આ સંશોધન સાથે અધ્યાપકો ઉપરાંત વિદ્યાર્થીઓને પણ સાંકળીને કોલેજ, અનુસ્નાતક ભવનો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓનું જૂથ બનાવી આંતરવિદ્યાકીય અભિગમથી સંશોધનની તાલીમ આપવી.

**સરદાર પટેલ યુનિવર્સિટીના કોમ્યુનિટી રેડિયો સ્ટેશનના 'રેડિયો કેમ્પસ ૯૦.૪ એફ.એમ.'ના પ્રસારણનું સમય પત્રક (સોમવાર થી શુક્રવાર)**

| | | | |
|---|---|---|---|
| સવારે | બે કલાક | સવારે ૦૯.૦૦ થી ૧૦.૦૦ | ભક્તિ સંગીત |
| | | સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ | શૈક્ષણિક કાર્યક્રમ |
| બપોરે | બે કલાક | બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ | શૈક્ષણિક કાર્યક્રમ |
| | | બપોરે ૦૩.૦૦ થી ૦૪.૦૦ | શૈક્ષણિક કાર્યક્રમ |
| સાંજે | એક કલાક | સાંજે ૦૬.૦૦ થી ૦૭.૦૦ | શૈક્ષણિક કાર્યક્રમ |

અનુસંધાન મુખપૃષ્ઠ પરથી...





સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ હતી. એમાં પણ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ, સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ અને ઈનામદાર આર.આર. બ્રહ્મભટ્ટ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી પુષ્પાબેન કનૈયાલાલ ઈનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ તેમજ એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે તો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પહેલાં પણ પૂર્વ તાલિમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં બાયસેગ દ્વારા પ્રસારિત થતા કાર્યક્રમો, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા પ્રાપ્ત થયેલ યોગતાલીમની ડીવીડી, ઉપરાંત મદનલાલ જૈન કે ડૉ. જયશ્રી દવે જેવા યોગમાર્ગના પ્રવાસીઓનો લાભ લેવામાં આવ્યો હતો. ડૉ. જયશ્રી દવેએ પાતંજલ યોગસૂત્ર નિરૂપિત અષ્ટાંગ યોગનાં સોપોનો અંગે સમજૂતી આપી હતી.

સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ, તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઈ પટેલ કોમર્સ કોલેજ, બોરીઆવી ખાતે પણ આંતરરાષ્ટ્રીય યોગદિનના કાર્યક્રમ યોજાયા હતા.

આ કાર્યક્રમ ભલે કોઈને સરકારી આદેશનું પાલન લાગે પરંતુ જે આ યોગની વિશાળ અને ઊંડી શક્યતાઓ અંગે જાગ્રત છે એવા લોકો માટે યુનેસ્કોની આ જાહેરાત અને દેશવિદેશની અનેકવિધ સંસ્થાઓ દ્વારા થયેલી એની નોંધપાત્ર ઉજવણી એ યોગની વિશાળ અને ઊંડી શક્યતાઓના સ્વીકાર પ્રત્યેના એક વિરાટ પગલારૂપે છે. આ તો એક આરંભ છે. પૃથ્વી પર આધ્યાત્મિક યુગની ઉષાનો અણસાર પણ એમાં જોઈ શકાય.

# 'અધ્યાસન' વૃત્ત

## મારા અનુભવ

૧૬ જૂનથી ૨૮ જૂન દરમિયાન શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી ખાતે સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે **શ્રી અરવિંદ** ચેર ઑફ ઈન્ટીગ્રલ સ્ટડીઝના ઉપક્રમે દશ દિવસનો શ્રી અરવિન્દ દર્શન અધ્યયન શિબિર યોજાયો હતો. એમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિભાગો, કોલેજોમાંથી ૧૯ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. એના સંયોજનનો કાર્યભાર પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટ (અનુ. ગુજરાતી વિભાગ) અને ડૉ. નીપા ભરૂચા (એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન)એ સંભાળ્યો હતો. આ શિબિરમાં જોડાયેલા એક વિદ્યાર્થીનો પ્રતિભાવ એના જ શબ્દોમાં પ્રસ્તુત છે.

પોંડીચેરી જવા માટે હું પસંદગી પામ્યો તેથી મારાં આનંદનો પાર ન રહ્યો. ધીમે ધીમે દિવસો પસાર થયા અને પાંડિચેરી જવાનો સમય પાકી ગયો. પરંતુ ત્યાં જતા પહેલાં જે ઉત્કંઠા હતી કે એ પ્રદેશ કેવો હશે, ત્યાંના લોકો કેવા હશે, આશ્રમ કેવો હશે અને ત્યાંની સંસ્કૃતિ કેવી હશે. પરંતુ, ત્યાં જતા જ મારા મનમાં આશ્રમનો જે પરંપરાગત ખ્યાલ બંધાયેલો હતો તે લોપ પામ્યો. ત્યાં કોઈ બાપુ નહિ, કોઈ શિષ્ય નહિ, ત્યાં બધા જ પોતાની રીતે સ્વતંત્ર આટલી બધી સ્વતંત્રતા છતા પણ કોઈ વ્યક્તિને કશું જ કહેવાની જરૂર જ ના પડે. અને પૂરી શિસ્ત સાથે લોકો રહે. ત્યાં સમયનું પાલન પૂરી રીતે થતું જોવા મળે છે. જમવાના સમયમાં એક મિનિટ પણ આમતેમ ન થાય.

ત્યાંની શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થીઓને સર્વગુણ સંપન્ન બનાવી દે છે. આનંદની વાત તો એ છે કે ત્યાં કોઈપણ પ્રકારની પરીક્ષા નથી, તો પ્રમાણપત્ર પણ નથી, અને વિદ્યાર્થી ઈચ્છે તે વિષય ભણી શકે છે. ત્યાં પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવે છે.

જેવી રીતે ભક્તને ભગવાનના દર્શન થાય અને આનંદ વ્યક્ત કરવાની વાણી ન સ્ફૂરે ત્યારે એને જે અનુભૂતિ થાય તેવી જ અનુભૂતિ મને શ્રી અરવિંદ અને શ્રી માતાજીની સમાધિનાં દર્શનથી થાય છે.

ત્યાં વિદ્વાન વક્તાઓ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવતાં હતાં, જેમકે ડૉ. આલોક પાંડે, મનોજદાસ ગુપ્તા, શિવકુમાર આર્યવદ, મેજર જનરલ તિવારી, કલાબહેન, ગીતા બહેન, સુધા સુન્દરમ્ વગેરે. આ વક્તાઓને સાંભળ્યા પછી મળેલા જ્ઞાન, સંસ્કાર કે આવડતો  તો પચી જાય છે કે એને બોજો કે પરિગ્રહ જણાતો જ નથી.

થોડા દિવસ વિત્યા બાદ હું અમુક પ્રાન્તનો છું એવી ભાવના જ મનમાં રહી નહીં. જ્યાં જઈએ ત્યાં આત્મીય સ્વજનો જ વસે છે તેવું લાગે. હવે મને એવો ભેદભાવ રહ્યો નથી કે ગુજરાતની ભૂમિ જ ફક્ત પૂણ્યભૂમિ છે. પરંતુ પોંડીચેરીનું જગત પણ ઈશનું ધામ છે. એનાં એક એક રજકણ પવિત્ર છે, જીવન-સમૃદ્ધ છે અને એક એક કણમાં ચૈતન્ય સ્ફૂરતું દેખાય છે. એનો આનંદ વાણી દ્વારા વ્યક્ત થયો તો શું ? અને ન થયો તોય શું ? એ આનંદ તો અખંડ છે જ.

ત્યાં દરિયાકિનારે જે જે જોયું અને જાણ્યું, વિચાર્યું અને અનુભવ્યું તે હૈયામાં એટલું તો ઊંડું કોતરાયું છે કે ત્યાંથી પાછા આવી ગયા છતાં પણ મુખ્ય સંસ્કારો ભૂંસાઈ ગયા નથી. મારી એ ખાતરી છે કે આ યાત્રાને અંતે મારા જીવનમાં પણ અનેક પરિવર્તન આવી ગયા છે.

એમ પણ ન કહી શકું કે જેટલું મહત્ત્વનું લાગ્યું તે બધું આમાં આવી જાય છે. પણ જે લખાયું તેને માટે અવસર મળ્યો, અનુકૂળતા મળી, એટલી જ ધન્યતા હવે માનવાની રહી.

જેમના થકી હું પોંડીચેરી પહોંચ્યો છું તે બધાનો હૃદયથી કૃતજ્ઞ છું.



– નયન એન. બોઘરા
એમ.એ. સત્ર-૩
અનુ. ગુજરાતી વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી

# 'મહાવિદ્યાલય'વૃત્ત

- **Smt. Kamlaben P. Patel Institute of Physiotherapy and Occupational Therapy**, managed by Anand People's Medicare Society, affiliated to Sardar Patel University, reconized by Govt. of Gujarat and All India Occupational Therapist's Association (A.I.O.T.A.), organized Continuous Occupational Therapy Education Program (C.O.T.E.) on Neuro Developmental Therapy (N.D.T.) on 11th May, 2015.

  On this occasion Dr. Amitabh Dwivedi, Principal of Occupational Therapy college from Jaipur, was invited as Resource person for this program. More than 50 O.T. students and professionals participated in this program; Dr. Dwivedi has shared his knowledge in the field of Neurology and N.D.T.

- સરદાર પટેલ યુનિવર્સિટી મહાવિદ્યાલય વિકાસ સમિતિ તેમજ યુનિવર્સિટીની અંગભૂત કોલેજ એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટી સંલગ્ન ૧૩ જેટલી બી.એડ્. કોલેજના અધ્યાપકો માટે તા. ૧૦મી જૂન તથા ૧૧મી જૂન, ૨૦૧૫ના રોજ 'એનસીટીઈ નોર્મ્સ એન્ડ રેગ્યુલેશન ૨૦૧૪' – બે વર્ષના બી.એડ્. કોર્સના સંદર્ભમાં કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

  આ કાર્યશાળાના ઉદ્‌ઘાટન સત્રમાં વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ પ્રો. ડૉ. રમેશચંદ્ર જી. કોઠારીએ બે વર્ષના બી.એડ્.ના કાયક્રમના આયોજન કરવા પાછળના હેતુઓ સ્પષ્ટ કર્યા તેમજ તે દરમિયાન સંભવિત સમસ્યાઓ પરત્વે પણ ધ્યાન દોર્યું. કાર્યકારી કુલસચિવ ડૉ. મોહનભાઈ પટેલે જ્ઞાનની સાથે કૌશલ્યોના વિકાસ અને સમૃદ્ધીકરણ પર ખાસ ભાર મૂક્યો. બીજા સત્રમાં ડૉ. સુલભાબેન નટરાજ દ્વારા બી.એડ્.ના બે વર્ષીય અભ્યાસક્રમના માળખા અંગે વિસ્તૃત વિચારણા કરવામાં આવી હતી.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૧૮-૬-૨૦૧૫ના રોજ IQAC કાર્યક્રમ હેઠળ ગ્રંથાલય વિકાસ પ્રવૃત્તિ અને ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. ગ્રંથાલયમાં નવા વસાવેલા SOUL 2.0 Software દ્વારા કમ્પ્યુટરીકરણનું કાર્ય એપ્રિલ ૨૦૧૫થી શરૂ કરવામાં આવ્યું છે.

## વિનયન

| | | |
|---|---|---|
| – શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ | દેશભક્તિ ગીતસ્પર્ધા | -- |
| – અખિલેશ સુરેશભાઈ પટેલ આર્ટ્સ કોલેજ, બોરિયાવી | મુનશી પ્રેમચંદની ૧૩૪મી જન્મજયંતિ | તા. ૩૧-૭-૧૫ |

# 'વિભાગ' વૃત્ત

- યુનિવર્સિટીના સામાજિક કાર્ય વિભાગ તથા ઝાયડસ કેડિલા હેલ્થકેર લિમિટેડના સંયુક્ત કામગીરી હેઠળ તા. ૨૬-૬-૨૦૧૫ તથા ૨૭-૬-૨૦૧૫ના રોજ CSR (સી.એસ.આર.) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૬-૬-૨૦૧૫ના રોજ પાદરા તાલુકાના ઉમરાયા ગામે સામાજિક, આર્થિક તથા આરોગ્યલક્ષી ''સર્વેક્ષણ'' હાથ ધરવામાં આવ્યું હતું. તા. ૨૭-૬-૨૦૧૫ના રોજ ''સ્વચ્છ ભારત અભિયાન'' હેઠળ સ્વચ્છતા જાગૃતિ માટે વિશાળ રેલીનું તથા સાફ-સફાઈનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં વિભાગના ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમજ ઉમરાયા કોલેજના અધ્યાપકો જોડાયા હતા. ઉપરાંત, ઉમરાયા ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ, ઝાયડસ, કેડિલા કંપનીના ઉપપ્રમુખ, સી.એસ.આર. ઈન્ચાર્જ તથા ગામનાં અગ્રણીઓ, સહિતના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# 'અધ્યાપક' વૃત્ત

- બી.આર.ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સનાં સંશોધન વિદ્યાર્થિની સેજલ દેસાઈએ તા. ૧૮-૪-૨૦૧૫ થી ૨૨-૪-૨૦૧૫ સુધી યુએસએ માં ફિલાડેલ્ફિયા ખાતે પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન માટે ભાગ લીધો હતો.
- અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. કે. આર. સુરતીએ તા. ૨૯-૫-૨૦૧૫ થી ૩૧-૫-૨૦૧૫ દરમ્યાન SVNIT, સુરતમાં ટૂંકી મુદતની તાલીમ કાર્યશાળામાં ભાગ લીધો હતો.
- અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. એસ. એસ. સોનીએ તા. ૨૯-૫-૨૦૧૫ થી ૩૧-૫-૨૦૧૫ દરમ્યાન SVNIT, સુરતમાં ટૂંકી મુદતની તાલીમ કાર્યશાળામાં ભાગ લીધો હતો.
- અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. કે.આર. સુરતીએ તા. ૮-૬-૨૦૧૫ થી ૧૨-૬-૨૦૧૫ દરમ્યાન NIT, કુરુક્ષેત્ર, હરિયાણામાં ટૂંકી મુદતની તાલીમ કાર્યશાળામાં ભાગ લીધો હતો.
- અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. એસ. એસ. સોનીએ તા. ૮-૬-૨૦૧૫ થી ૧૨-૬-૨૦૧૫ દરમ્યાન NIT, કુરુક્ષેત્ર, હરિયાણામાં ટૂંકી મુદતની તાલીમ કાર્યશાળામાં ભાગ લીધો હતો.
- લોકવિજ્ઞાન કેન્દ્રના નિર્દેશક ઉજ્જ્વલ ત્રિવેદીએ તા. ૨૩ અને ૨૪- ૦૫-૨૦૧૫ દરમ્યાન પિંક ફેસ્ટીવલ-૨૦૧૫માં ભાગ લીધો હતો.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં બી.કોમ. (સ્વનિર્ભર) તથા એમ. કોમ. વિભાગમાં આસિ. પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં પ્રા. ખ્યાતિ જગતકુમાર પટેલને સરદાર પટેલ યુનિવર્સિટીએ પીએચ.ડીની પદવી એનાયત કરી છે. તેમનાં સંશોધનનો વિષય : 'અ સ્ટડી ઓફ ઇકોનોમિક વેલ્યુ એડેડ બેઝ્ડ પર્ફોર્મન્સ મેજરમેન્ટ ઓફ સિલેક્ટેડ ઓટોમોબાઇલ કંપનીઝ ઇન ઇન્ડયા'. એમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ સ્ટડીઝના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. સંદીપ કે. ભટ્ટના માર્ગદર્શન હેઠળ સંશોધન કર્યું હતું.



# વિદ્યાર્થી વિભાગ

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ અને એફ. એચ. શાહ કોમર્સ કોલેજના બેચલર ઑફ વોકેશન (બેંકિંગ એન્ડ ફાઇનાન્સિયલ સર્વિસ)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શાંતિલાલ કે. પંચાલ મેમોરિયલ રાયફલ શૂટિંગ ટ્રેનિંગ કેમ્પ, ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર મુકામે ભાગ લીધો હતો. તેમાં શ્રી ઈલ્હાન વ્હોરાએ રજત ચંદ્રક અને શ્રી સમીર વ્હોરાએ કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કરીને કોલેજ તથા સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટનું ગૌરવ વધાર્યું છે.

તાજેતરમાં વિવિધ સંસ્થાઓમાં કેટલીક સંસ્થાઓ દ્વારા સ્થળ ઉપર જ નોકરી આપવા માટેના શિબિર યોજવામાં આવ્યા હતા. આ પ્રક્રિયામાં નીચે જણાવેલી સંસ્થાઓના વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. તમામને હાર્દિક અભિનંદન !!

| No. | Department/College | Name of Company / Institute | No. of Students Selected | Designation |
|---|---|---|---|---|
| 1 | G.H. Patel P.G. Dept. of Computer Science & Technology | Tata Consultancy Pvt. Ltd., Gandhinagar | 6 | |
| | | Vrindi India Pvt. Ltd., Anand | 5 | |
| | | Proseon Technologies Pvt. Ltd., Vadodara | 2 | |
| | | Mobile Internet Pvt. Ltd., Ahmedabad | 1 | |
| | | Flexiware Solution, Ahmedabad | 2 | |
| | | BISAG, Gandhinagar | 6 | |
| | | GCMMF, Anand | 1 | |
| | | SPEC India, Ahmedabad | 3 | |
| | | ATOS, Vadodara | 2 | |
| | | EITL, V.V. Nagar | 4 | |
| 2 | P.G. Dept. of Home Science | Shalby Hospital, Ahmedabad | 1 | |
| | | Madhav Foods, Vadodara | 1 | |
| 3 | P.G. Dept. of Statistics | Sciformix Technologies Pvt. Ltd., Pune | 2 | Trainee Statistical Programmer (Rs. 350000/- each) |
| | | Culture Machine Media Pvt. Ltd | 1 | Data Analyst (Rs. 300000/-) |
| 4 | P.G. Dept. of Chemistry | Piramal Discovery Solution | 9 | |
| | | Alembic Pharmaceuticals Ltd. | 2 | |
| | | Amoli Organics Pvt. Ltd. | 3 | |
| | | Lupin Limited, Dabhasa, Vadodara | 4 | |
| | | Unimark, Ahmedabad | 6 | |
| | | Intas, Ahmedabad | 8 | |
| | | Adroit Pharmachem Pvt. Ltd. | 3 | |
| | | Apothecon Pharma Pvt. Ltd. | 4 | |

| | | | | |
|---|---|---|---|---|
| 5 | P.G. Dept. of Pharmaceutical Sci. | Lupin Pharmer, Vadodara | 1 | |
| | | Mankind Pharma, Gurgaon | 1 | |
| | | Alembic Pharmaceuticals Ltd., Vadodara | 1 | |
| | | Nirlife Pvt. Ltd | 1 | |
| | | Aculife Pvt. Ltd | 1 | |
| | | Intas Pharmaceuticals Ltd., Ahmedabad | 1 | |
| | | Tribhuvandas Foundation, Anand | 1 | |
| | | Inspire Fellow, Nirma Uni. | 1 | |
| 6 | Dept. of Social Work | Collabera Technolagies Pvt. Ltd., Vadodara | 3 | Associate Labor Law Compliance Officer |
| | | Ashita Consultants, Vadodara | 4 | HR Executive |
| | | Shally Engineering, Vadodara | 1 | HR Executive |
| | | Hotel Express Tower, Vadodara | 1 | HR Executive |
| | | Esquire Machines Pvt. Ltd., Vadodara | 1 | HR Executive |
| | | Collabera Technologies Pvt. Ltd., Vadodara | 1 | Technical Recruiter |
| | | Logo Staffing Solutions Pvt. Ltd., Vadodara | 1 | HR Executive |
| | | Transpeck Silox, Vadodara | 1 | HR Executive |
| | | Dr. ITM Pvt. Ltd., Vadodara | 1 | HR Executive |
| | | Lead Sri-Lanka | 1 | Partner Liason Co-ordinator |
| | | Yuva Unstoppable, Vadodara | 1 | Operations Executive |
| | | Baroda Citizen Council, Vadodara | 1 | Project Associate |
| 7 | P.G. Dept. of Psychology | H.M. Patel Institute, Karamsad | 5 | Junior Psychologist |
| | | Bharuch | 1 | Counselor |
| | | Patan | 1 | Counselor |
| | | Anand | 1 | Protection Officer |
| 8 | Dept. of Business Studies | ICICI Bank | 1 | Sales Officer Trainee |
| | | Bajaj Alliance Insurance Co. Ltd. | 7 | Assistant Sales Manager Trainee |
| 9 | N.V. Patel College of Pure and Applied Science | Tata Consultancy Service | 2 | |
| | | Intas Pharma | 4 | |
| | | Sun Pharmaceutical | 2 | |
| 10 | B.N. Patel Insti. of Paramedical and Science, Anand | Botree Technology, Vadodara | 1 | Programmer |
| | | Collebra, Vadodara | 1 | HR Consultant |
| | | Juvenile Solution Pvt. Ltd., Vadodara | 1 | IT Technical Recruiter |

| | | | | |
|---|---|---|---|---|
| | | Sharekhan Ltd., Anand | 1 | ARM |
| | | B.N. Patel Science Division, Anand | 1 | Lecturer, M.Sc. (IT) |
| | | Dupat Infotromiocs Pvt. Ltd., Ahmedabad | 1 | Android Developer |
| | | Bharti Consultancy, Baroda | 1 | Android Developer |
| | | J. & P. Pvt. Ltd., Panoli | 1 | Network Administrator |
| | | Piramal Healthcare Ltd., Ahmedabad | 2 | Research Associate |
| | | Alembic Ltd., Vadodara | 2 | Research Associate |
| 11 | Anand Institute & Social Work, Anand | Gujarat State Disaster Mgt. Authority | 3 | District Project Coordinator |
| | | Shivshakti Biotechnology Ltd. | 6 | Field Officer |
| | | Sparsh Samvedna | 1 | Project Co-ordinator |
| | | Lupin Pharmaceutical Ltd. | 1 | Field Worker |
| | | Anand Law College | 1 | Visiting Faculty |
| 12 | Shri I. J. Patel M.Ed. Course, Mogri | Jay Jalaram International School, Vanakbori | 1 | Primary Teacher |
| | | Ajarpura | 1 | Primary Teacher |
| | | Karjan | 1 | Primary Teacher |
| 13. | Bavisgam B.Ed. College, V.V. Nagar | Shri Vashishtha Vidyalaya, Surat | 1 | Teacher |
| 14. | Sardar Patel College of Administration and Management, Bakrol | | | |

અનુસંધાન છેલ્લા ટાઈટલ ઉપરથી....

યુગોથી સમગ્ર માનવજાત એક મથામણ કરી રહી છે. આ મથામણ છે સમગ્ર માનવજીવનનું દિવ્યજીવનમાં રૂપાંતરણ કરવાની. માનવજાતનું આ છે મહાન અને કષ્ટસાધ્ય ધ્યેય. સમગ્ર માનવજાતની અસ્ખલિત, સદા જાગ્રત તીવ્ર અભીપ્સા અને પરમ પ્રભુની દિવ્ય કૃપા/કરુણાનો યોગ સધાય તો જ આ ધ્યેય સિદ્ધ થાય.

આ મથામણમાં ભારતનો સિંહફાળો છે. સ્વામી વિવેકાનંદ વિશ્વ ધર્મ પરિષદમાં ભાગ લેવા માટે અમેરિકા જાય, યોગાનંદ પરમહંસ વિદેશ જાય કે વિદેશથી ભગિની નિવેદિતા કે મીરા પોલ રિશાર ભારત આવે આ બધી ઘટનાઓ માનવજાતની આ મથામણના જ ઉપક્રમો છે. આ મથામણમાં ભારતે સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરવાનું છે. આ મથામણ ધાર્મિક, નૈતિક, સામાજિક ભૂમિકાએથી નહીં પણ આધ્યાત્મિક ભૂમિકાથી થાય તો તે માનવજીવનનું આમૂલ રૂપાંતર સાધી શકે.

૨૧મી જૂનને યુનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરે એ આ દિશાનું એક નિર્ણાયક કદમ છે. ભારતના યોગને મળેલી આ સર્વોચ્ચ સ્વીકૃતિ છે. સમગ્ર વિશ્વના માનવજીવનને ભારતે જે આધ્યાત્મિક નેતૃત્વ પૂરું પાડવાનું છે એ દિશાનો જ આ એક ઉપક્રમ છે. આ છે Hour of God - દેવોની ઘડી.

આ ઘડીના સૂક્ષ્મ મહત્ત્વને આપણે સમજીએ, સ્વીકારીએ. એને માત્ર સામયિક કે આવર્તી ઘટના ન બનાવી દેતાં આપણા રોજિંદા જીવનમાં કાયમી સ્થાન આપીએ તો જ આ ઉજવણી સાર્થક બની રહેશે.

# 'લોક'વૃત્ત

**C C Patel Community Science Centre** organized more than 70 programs during last three months (April to June 2015). The theme of these programmes was to popularize science through various activities as follows:

1) **Summer Science Camp:** Two batches of Science camps, each of six days, were organized from 12 to 17 May, and 26 to 31 May 2015, for school students of standard 6 to 10. Various activities like Rocket modeling, Hovercraft making, Tod-Phod-Jod, Science experiments, stage show, sky gazing, reptile awareness programme etc were organized. A special batch for children from std KG to 5 standard was organized from 12 to 16 May, 2015 where the children enjoyed arts, crafts and drawing. A special batch of 11 and 12 students was benefitted from Prof K N Joshipura who made them enjoy the basic principles of Physics. Overall, more than 220 students enjoyed their vacation in the CSC. The CSC is thankful to JCI Vallabh Vidyanagar.
2) **Workshop on Science Writing in Gujarati:** A two-days workshop was organized on 11 and 12 April 2015. Teachers Ph D Students, science communicators and volunteers participated in this workshop. Dr Narottam Sahu inaugurated the function and Prof Naresh Ved, former Vice-Chancellor gave keynote lecture. Expert deliberations from various eminent science writers Gujarat were held. 55 participants from all over Gujarat attended this workshop. The CSC is thankful to GUJCOST and ISAR for support.
3) **Science Movie Club:** Various documentary and feature films related to Science were played discussed and under movie club activity. Students, parents and interested people from the society enjoyed this activity free of charge. The CSC is thankful to Vallabh Vidyanagar Nature Club (VNC) for providing some interesting films.
4) **Other Programs:** Various other programs like Visit to Hall of Science, Environment Awareness, Distribution of Water Pots and Nests, Plantations, Diabetes Awareness, Radio Programs, Popular Lectures on Biodiversity, Sky-gazing, Lunar Eclipse, Science Quiz, etc were also conducted during this quarter.

**Upcoming Events:** The CSC is organizing District Level Competitions for National Science Seminar, National Science Drama, National Rural IT Quiz, National Children Science Congress during the second Quarter from July to September 2015. Other programs include awareness programmes on Population, Nutrition and Health, Light and Harnessing, Energy Conservation, etc. The CSC is open for visits for society on all working days.

સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર અને એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ દ્વારા વિશ્વ વસ્તી દિન નિમિત્તે નીચે પ્રમાણે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.

**નિબંધ સ્પર્ધા :** વિષય : વિશ્વ વસ્તીમાં બાળકોનો ઉછેર : સમસ્યા અને ઉપાય, **તારીખ** : ૨૪-૭-૨૦૧૫

**પોસ્ટર સ્પર્ધા :** વિષય : વિશ્વ વસ્તીમાં સ્ત્રીઓ અને બાળકોની સલામતી, **તારીખ** : ૨૪-૭-૨૦૧૫

**પરિવિવાદ સ્પર્ધા :** વિષય : વિશ્વ વસ્તીમાં સ્ત્રીઓ અને બાળકો સલામત છે? હા કે ના?, **તારીખ** : ૩૧-૭-૨૦૧૫

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વિશેષ

‘યોગ’ એટલે જોડવું. શું જોડવું? કોની સાથે જોડવું? કેવી રીતે જોડવું? આવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવે. યોગ એક પ્રક્રિયા છે. જોડાણની પ્રક્રિયા છે. એમાં આપણે આપણા શરીરને કે મનને જોડીને જ અટકી જવાનું નથી. આપણા સમગ્ર જીવનના, અસ્તિત્વના તમામ ભાગોને, આપણા સ્વરૂપની તમામ ભૂમિકાઓ – શરીર, પ્રાણ, મન, અંતરાત્માને જોડવાના છે. દિવ્યચેતના સાથે જોડવાના છે. આ જોડાણની અનેકવિધ પદ્ધતિઓ, પ્રક્રિયાઓ છે. કોઈ હઠયોગ જેવા શરીરના માધ્યમથી તો કોઈ જ્ઞાનયોગ, કર્મયોગ, રાજયોગ, ભક્તિયોગ દ્વારા આ મથામણ કરે છે. આ તમામ યોગોના સમન્વયરૂપ પૂર્ણ યોગ પણ પ્રબોધાયો છે. એમાં આધ્યાત્મિક ભૂમિકાએ મનુષ્ય અભીપ્સા, પરિત્યાગ, સમર્પણ દ્વારા દિવ્યચેતના સાથે જોડાણ સાધવા સભાન પ્રયત્ન કરે છે.

ભારતીય પરંપરામાં યોગને ચિત્ત વૃત્તિઓના નિરોધ તરીકે ઓળખાવાયો છે. યમ, નિયમ, ઇત્યાદી આઠ સાધનોનો પણ સૂક્ષ્મ વિચાર થયો છે. આ સાધન દ્વારા આપણા સમગ્ર અસ્તિત્વનું રૂપાંતર શક્ય બને છે. સમત્વને પણ યોગ ગણાવાયું છે. આપણા સમગ્ર જીવનવ્યાપારમાં વિવેક પ્રગટે એટલે સમત્વ. આ રીતે કર્મોમાં કુશળતા પ્રાપ્ત થાય. એટલે યોગઃ કર્મશુ કૌશલમ્ એવી પણ એક સમજ પ્રાપ્ત થાય છે. આપણે આપણાં જીવનકાર્યોને કુશળતાપૂર્વક, પૂર્ણતાથી કરીએ એટલે યોગ થયો ગણાય આવી સાદી સમજ અહીં અભિપ્રેત નથી. કર્મની કુશળતા તો જાપાનવાસીઓને, બીજા દેશોના મનુષ્યોને વિશેષ રૂપે સિદ્ધ થયેલી છે એ બધાને જ કાંઈ યોગી કહી શકાતા નથી. સમત્વ, સંતુલન, વિવેક કે પૂર્ણતા આપણા અસ્તિત્વના શરીર, પ્રાણ, મન, અંતરાત્મા એમ તમામ ભાગોમાં સ્થપાય તો સાચો યોગ થયો કહેવાય. એટલા માટે જ શ્રી અરવિન્દે All Life is Yoga એમ કહ્યું છે.

અનુસંધાન પૃ. ૧૨ ઉપર

## Subscribe Today

**Annual**
Students : ₹ 50.00
Others : ₹ 75.00
Institutions : ₹ 200.00

**Life**
Faculty & Staff : ₹ 1000.00
Institutions & Individuals : ₹ 2000.00

Lifetime Subscription in Foreign Exchange:
US $ 200.00 € 150.00 £ 150.00

Contact: Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* invites news of University's academic institutions, teaching and non-teaching staff, and of students. The news should be sent to *Sheel Shrutam* so as to reach fifteen days before the date of publication.

**Contact:** Param Pathak, IQAC, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.
Email: **sheelshrutam@gmail.com**
Website: **www.spuvvn.edu/academics/publications/**

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.